# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-10-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કેન્દ્રીય પગાર પંચને મંજુરી:

કેન્દ્રીય મંત્રીમંડળે 8મા કેન્દ્રીય પગાર પંચના કાર્યક્ષેત્રને મંજૂરી આપી દીધી છે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે નવી દિલ્હીમાં મંત્રીમંડળની બેઠક બાદ પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે આયોગ તેના ગઠનના દિવસથી 18 મહિનાની અંદર તેની ભલામણો રજૂ કરશે. તેમણે જણાવ્યું હતું કે કમિશનમાં એક અધ્યક્ષ, એક અંશકાલિક સભ્ય અને એક સભ્ય-સચિવનો સમાવેશ થશે.

મંત્રીમંડળે 2025-26 રવિ સિઝન માટે ફોસ્ફેટિક અને પોટાશિક ખાતરો પર પોષક તત્વો આધારિત સબસિડી દરોને પણ મંજૂરી આપી હતી. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે મંત્રીમંડળે રવિ 2025 માટે આશરે ₹37 હજાર 952 કરોડની સબસિડીને મંજૂરી આપી છે. આ દર 1 ઓક્ટોબરથી અમલમાં આવશે.

------------------------------------------------------------------------------------

## કચ્છમાં વરસાદ :

અરબ સાગરમાં સર્જાયેલા ડિપ્રેશનના પગલે રાજ્યમાં ફરી એકવાર વરસાદી માહોલ જામતા આજે 81 તાલુકામાં કમોસમી વરસાદ વરસ્યો છે. કચ્છમાં પણ વાતાવરણમાં પલટો આવતા આજે સતત બીજા દિવસે વરસાદ પડ્યો હતો. પૂર્વ કચ્છના અંજાર, ગાંધીધામ, ભચાઉ, સામખીયાળીમાં વરસાદના અહેવાલ છે તો જિલ્લા મથક ભુજમાં પણ બપોરના સમયે વરસાદે પોતાની હાજરી નોંધાવતા માર્ગો ભીના થયા હતા. તો ભુજ આસપાસના કુકમા, માધાપર સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. પશ્ચિમ કચ્છના નખત્રાણા સહિતના કેટલાક

ગામોમાં વરસાદ પડતા ખેડૂતો ચિંતામાં મૂકાયા છે. વરસાદથી શિયાળુ પાક રાયડો, દાડમ, એરંડા, કપાસ અને મગફળી જેવા પાકો પર વિપરીત અસર થવાની ભીતિ ખેડૂતોને સતાવી રહી છે. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર બાદ હવે કચ્છમાં બે દિવસથી વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે.

---

## હવામાનની આગાહી:

હવામાન વિભાગ દ્વારા આગામી ત્રણ દિવસ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઓરેન્જ એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે અને આવતીકાલે દક્ષિણ ગુજરાતનાં જિલ્લાઓમાં બે દિવસ યેલો અલર્ટ આપવામાં આવ્યું છે . જ્યારે રાજ્યમાં આગામી સત દિવસ વરસાદી માહોલ યથાવત રહેશે. માછીમારોને આગામી પાંચ દિવસ દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

---

## રાજ્યમાં નવા સચિવની નિમણુંક:

ગુજરાતના ચીફ સેક્રેટરી પદેથી 31મી ઓક્ટોબરે નિવૃત્ત થતાં પંકજ જોષીની જગ્યાએ રાજ્ય સરકારે બહાર પાડેલા નોટિફિકેશન અનુસાર મનોજ કુમાર દાસની નિયુક્તિ કરવામાં આવી છે. હાલમાં તેઓ મુખ્યમંત્રી કાર્યાલયમાં અધિક મુખ્ય સચિવ તરીકે કાર્યરત છે. 1990ની બેચના ગુજરાત કેડરના ભારતીય વહીવટી સેવાના અધિકારી એમ.કે. દાસ નોટિફિકેશન પ્રમાણે 31મી ઓક્ટોબર 2025થી મુખ્ય સચિવ તરીકેનો કાર્યભાર સંભાળશે.

---

## જન્મ-મરણના પ્રમાણપત્રમાં ડિજીટલ સિગ્નેચર:

રાજ્યમાં કાર્યરત તમામ સરકારી, અર્ધ-સરકારી અને અન્ય કચેરીઓએ ડિજિટલ સિગ્નેચર ધરાવતા જન્મ-મરણના પ્રમાણપત્રનો તમામ પ્રકારની કાર્યવાહી માટે માન્ય પુરાવા

તરીકે ફરજીયાત સ્વીકાર કરવા આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ વિભાગની યાદીમાં જણાવાયું છે.

વધુમાં, જણાવ્યા અનુસાર CRS Portalમાં જન્મના તેમજ મરણના પ્રમાણપત્ર પર જન્મ-મરણની નોંધણી કરનાર રજીસ્ટ્રાર-સબરજીસ્ટ્રારની ડિજિટલ સિગ્નેચર સાથેના પ્રમાણપત્ર નાગરિકોને ઇ-મેઇલ આઇ.ડી. પર મોકલી આપવામાં આવે છે. આ ઉપરાંત નાગરિકો રજીસ્ટ્રાર-સબરજીસ્ટ્રાર પાસેથી પણ આ પ્રમાણપત્ર મેળવી શકશે.

---

## ગાંધીધામમાં સફાઈ ઝુંબેશ:

ગાંધીધામ મહાનગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા અલગ અલગ વિસ્તારોના મુખ્ય માર્ગો ઉપર સફાઈ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. 11 જેસીબી અને 11 ડમ્પર સહિતની મશીનરી સાથે રોડની ઉપર અને સાઈડમાં જે મલબો પડયો છે તેને ઉપાડવામાં આવશે અને રસ્તાઓ ઉપર ઊગી નીકળેલા બાવળોને કાપીને તેનો યોગ્ય જગ્યાએ નિકાલ કરવામાં આવશે. મહાનગરપાલિકાના  કમિશનર મનીષ ગુરુવાણી સહિતના શરૂ કરાયેલી ખાસ સફાઈ ઝુંબેશ નું નિરીક્ષણ કર્યું હતું અને સફાઈની કામગીરી ઝડપથી થાય તે માટે જરૂરી સૂચનાઓ પણ આપી હતી.

---

## કચ્છના રોગાન કળાના કારીગરોનું રાષ્ટ્રપતિ ભવનમાં સન્માન:

રાષ્ટ્રપતિ ભવન દ્વારા રોગાનકળા અને તેનાં કસબી પદ્મશ્રી અબ્દુલ ગફુર ખત્રી, રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા સુમાર ખત્રી અને આ કળાના ઊભરતા કલાકર સુલેમાન ખત્રીને દીપાવલીની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ ભવનમાં આર્ટિસ્ટ ઇન રેસિડેન્સી કાર્યક્રમ અંતગર્ત ખાસ આમંત્રિત કરાયા હતા. રાષ્ટ્રપતિ ભવનની ચાર દિવસીય મુલાકાત દરમ્યાન રોગાનના કસબીઓએ 7 બાય 3 ફૂટની જગજાણીતી કૃતિ `ટ્રી ઓફ લાઇફ'નાં નિદર્શન સાથે સર્જાયેલ ચાર કૃતિઓને પ્રદર્શન માટે રાષ્ટ્રપતિ ભવનમાં સ્થાન મળ્યું હતું. રાષ્ટ્રપતિ ભવન તરફથી રોગાનના

કસબીઓનું સન્માન કરાયું હતું. મુલાકાત દરમ્યાન દ્રૌપદી મુર્મુએ મુલાકાત લઇ રોગાનકળાની પ્રશંસા કરી હતી. ઉલ્લેખનીય છે કે ફેબ્રુઆરી 2025માં ધોરડોની મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પદ્મશ્રી અબ્દુલ ગફુર ખત્રી સાથે મુલાકાત કરી રોગાનકળા વિષે જાણી પ્રભાવિત થયાં હતાં.

---

## જલારામ જયંતિ:

સંત શિરોમણિ જલારામ બાપાની 226મી જન્મજયંતી જિલ્લામાં વિવિધ સ્થળોએ પૂજા, અર્ચના, મહાપ્રસાદ તથા સેવાકાર્યો સાથે ઉજવણી કરવામાં આવશે. ભુજ, અંજાર, ગાંધીધામ, માંડવી, નખત્રાણા, નલિયા સહિતના વિસ્તારોમાં શોભાયાત્રા સહિતના કાર્યક્રમો યોજાશે. જલારામ બાપાની જન્મજ્યંતિ નિમિત્તે જરૂરિયાતમંદોને મીઠાઇ ફરસાણ રાસન કિટ આપીને સેવાકાર્યો પણ કરાશે.

---